For Private Circulation Only

Price Rs. 5/-

# B.P.A. newsletter

અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ
સંશોધન અને સમાચારનું
મુખપત્ર

વર્ષ : ૨૩
અંક : ૦૨
એપ્રિલ, ૨૦૦૮

આ મુખપત્ર રાષ્ટ્રીય અંધજન મંડળ હેઠળ ચાલતી સંકલિત શિક્ષણ યોજનાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું પ્રતિબિંબ છે.

## સર્વશિક્ષા અભિયાન એસેસમેન્ટ કેમ્પ







ગુજરાત રાજ્યના જુદા જુદા અગિયાર જિલ્લામાં (વલસાડ, સુરત, નવસારી, ડાંગ, સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, જામનગર જૂનાગઢ, બનાસકાંઠા વડોદરા.)

સર્વ શિક્ષા અભિયાન, સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ ગાંધીનગર દ્વારા વિકલાંગ વિદ્યાર્થીઓ-મંદબુદ્ધિ તેમજ અલ્પદષ્ટિ, દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટેનો એસેસમેન્ટ કેમ્પ તેમજ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપવાનું આયોજન કરી અંધજન મંડળ, અમદાવાદના સહયોગથી આશીર્વાદ વિકલાંગ ટ્રસ્ટ સુરેન્દ્રનગર, કચ્છ કોમ્પ્રીહેન્સીવ રીહેબિલિટેશન સેન્ટર, ભૂજ તેમજ ગાંધીઘર, કછોલી દ્વારા તા. ૨૮-૧-૨૦૦૮ થી તા. ૨૫-૨-૨૦૦૮ સુધી કરવામાં આવ્યું હતું.

આ એસેસમેન્ટ કેમ્પ દરમ્યાન જે તે વિકલાંગતાને અનુરૂપ તજજ્ઞશ્રીઓ, આઈ.ઈ.ડી.સી જિલ્લા કો-ઓર્ડિનેટરશ્રી, રિસોર્સ ટીચર્સ તેમજ બી.આર.સી., સી.આર.સી. કર્મચારી મિત્રોએ સમગ્ર એસેસમેન્ટ કાર્યમાં સક્રિય રહી મંદબુદ્ધિના ૪૩૬૪ વિદ્યાર્થીઓ તેમજ અલ્પદષ્ટિના ૧૨૧૨ વિદ્યાર્થીઓ અને દષ્ટિહીન ૩૩૩ વિદ્યાર્થીઓને તપાસના અંતે શૈક્ષણિક કીટ તેમજ જરૂરી સાધન સામગ્રી તજજ્ઞશ્રી દ્વારા મળતી માહિતીને આધારે તેઓને જે તે સ્થળે સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ચેસ ટુર્નામેન્ટ

નેશનલ ઓપન ચેસ ટુર્નામેન્ટનું આયોજન અંધજન મંડળ, વસ્ત્રાપુરના પ્રાંગણમાં થયું હતું.

આ સ્પર્ધામાં ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, કર્ણાટક, તામિલનાડું, કેરાલા, આંધ્રપ્રદેશ, બિહાર, દિલ્હી, હરિયાણા, રાજસ્થાન જેવા રાજ્યોના સ્પર્ધકોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

આ પાંચ દિવસીય સ્પર્ધામાં ઑલ ઈન્ડિયા ચેસ ફેડરેશન ફૉર ધી બ્લાઈન્ડના ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી સૂર્યકાન્ત રાઉત કહે છે કે, ‘‘પ્રજ્ઞાચક્ષુઓ માટે ચેસ ખૂબ જ ઉપયોગી રમત છે. આ રમતના કારણે તેમના જ્ઞાનમાં વધારો થાય છે. સાથે સાથે સહનશક્તિ પણ વધે છે.’’ રાઉતના મતે, ઈન્ડિયાનો કોઈપણ બ્લાઈન્ડ ખેલાડી અત્યાર સુધી ચેસની દુનિયામાં વિશ્વવિજેતા બન્યો નથી. પરંતુ નેશનલ લેવલ પર ઘણા ધૂરંધર ખેલાડીઓ છે. ત્રણેક પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓએ તો ચેસને જ આજીવિકાનું સાધન પણ બનાવ્યું છે. જેમાં કર્ણાટકનાં ક્રિષ્ના ઉડપ્પા, પૂનાના રાજેશ ઓઝા અને મુંબઈના સ્વપ્નિલ શાહ પ્રમુખ છે.

અંધજનોની ચેસ વર્લ્ડકપ સર્વપ્રથમ ૧૯૫૧માં શરૂ થઈ હતી. જે રાઉન્ડ ૨૦૦૬માં ભારતમાં યોજાય એટલે કે ૫૫ વર્ષ પછી ગયા વર્ષે ગોવામાં આ વર્લ્ડકપ યોજાયો. જે એક રશિયન બ્લાઈન્ડ ખેલાડીએ જીત્યો હતો.



પરંતુ હવે ભારતમાં પણ પ્રજ્ઞાચક્ષુઓ માટે નવી તકો આવી રહી છે. આ તબક્કે અંધજન મંડળના ડાયરેક્ટરશ્રી ડૉ. ભૂષણ પુનાનીએ જણાવ્યું હતું કે આ સ્પર્ધામાં કુલ ૧૦૮ ખેલાડીઓ ભાગ લઈ રહ્યાં છે, ત્યારે નેશનલ લેવલ પર સ્પર્ધા પછી ભવિષ્યમાં ઈન્ટરનેશનલ લેવલ પરની બ્લાઈન્ડ ખેલાડીઓની ચેસ કોમ્પીટીશન યોજવાનું આયોજન કરવાનો વિચાર છે.

ચેસના ખેલાડીઓ ઝડપથી આ રમતમાં આગળ આવે તે માટે સીડી અને કેસેટ્સ તૈયાર કરીને તેમને રમત-ગમતનું જ્ઞાન આપવામાં આવે છે.

# ફિઝીયોથેરાપી ફૂટ રિફલેક્સોલોજી તાલીમ

અંધજન મંડળના પરિસરમાં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ તેમજ અંધજન મંડળ, વસ્ત્રાપુરનાં સંયુક્ત ઉપક્રમે ફિઝીયોથેરાપીમાં મસાજ અને પ્રેશર પોઈન્ટની થીયરી તેમજ પ્રેક્ટીકલ દ્વારા અંધજન મંડળના ફિઝીયોથેરાપીના નેત્રહીન વિદ્યાર્થીઓ તેમજ તેમને તાલીમ આપતા તજજ્ઞોએ પણ અઠવાડિક તાલીમ પ્રાપ્ત કરીને પગના પંજાઉપર વૈજ્ઞાનિક ઢબે આપવામાં આવી હતી. આ રિફલેક્સોલોજી તાલીમમાં સિંગાપોરથી આવેલા વયોવૃદ્ધ ભાઈશ્રી ફૂંગ બ્રહ્માકુમારી જેઓ વ્યવસાયે એન્જીનીયર હતા તેમણે ખાસ ઉપસ્થિત રહી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.





# અભિનંદન



- સોસાયટી ફોર ધી વેલ્ફેર ઑફ ધ મેન્ટલી રીટાર્ડેડ સંસ્થાના નેજાતળે માનસિકક્ષતિ ક્ષેત્રમાં વિશિષ્ટ કામગીરી કરનાર સંનિષ્ઠ વ્યક્તિઓ, શિક્ષક, કેરટેકર એવોર્ડ કાર્યક્રમ ટાઉન હોલ, એલિસબ્રીજ, અમદાવાદ ખાતે યોજાઈ ગયો.

આ કાર્યક્રમમાં માનસિકક્ષતિ ધરાવતા અંધજન મંડળ વસ્ત્રાપુર ખાતે તાલીમ લઈ રહેલ કૈવલ્યને પણ પ્રથમ ઈનામ પ્રાપ્ત થયું હતું.

જ્યારે શ્રેષ્ઠ લેખન માટે સ્વ. શ્રી નયન મેહુલભાઈ દોશી એવોર્ડ સોલંકી અસ્મિતા ને અંધજન મંડળના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રી ભૂષણ પુનાની ના વરદ્‌હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

---



- ''જ્યોત સે જ્યોત જલે'' પંક્તિને સત્ય ઠેરવતી દૃષ્ટિ રક્ષણ માટે સતત કાર્યરત રહેતી આઈ કેર ફાઉન્ડેશન સ્વૈચ્છિક સંસ્થા મુંબઈનું ઉમદા કાર્ય ગુજરાતમાં પ્રાપ્ત થાય તે હેતુસર ''આઈ કેર ફાઉન્ડેશન'' શાખા સ્થાપવામાં આવી. આ શાખાનો શુભારંભ ૮મી માર્ચ, ૨૦૦૮ ના રોજ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે ગુજરાત રાજ્યનાં મહામહિમ રાજ્યપાલ શ્રી નવલકિશોરજીના વરદ્‌હસ્તે ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો.

આ પ્રસંગે નેત્રસુરક્ષા માટે સમર્પિત ડૉક્ટર્સ તેમજ ગણમાન્ય સાહિત્યકારનું અભિવાદન કરવામાં આવ્યું હતું. તેમાં ખાસ કરીને સંગીતના ક્ષેત્રે કાર્યશીલ ગુજરાત કૉલેજના દૃષ્ટિહીન અધ્યાપક શ્રી ઉર્વિશ મહેતાનો પણ સમાવેશ થયો હતો.

---

- **બેસ્ટ સ્વરોજગાર નેશનલ એવોર્ડ**



સંપૂર્ણ દૃષ્ટિહીન ભૂતપૂર્વ ફિઝીયોથેરાપી વિદ્યાર્થી ડૉ. નીતિન સીમ્પી ને બેસ્ટ સ્વરોજગાર નેશનલ એવોર્ડ મહામહીમ રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભા પાટીલ ના વરદ્‌હસ્તે અર્પણ થયો હતો.



- ગુજરાત રાજ્ય કલાશિક્ષક સંઘ દ્વારા આયોજિત ૨૦૦૭-૦૮માં સુંદર ચિત્રકૃતિમાં મૌલિક ચિત્રસર્જન કરવામાં સામાન્ય શાળાના બાળકો શાળાની હરીફાઈમાં ઉત્સાહપૂર્ણ ભાગ લેતા હોય છે ત્યારે શાખામાં વિકલાંગ બાળકો પણ અભ્યાસ સાથે જુદી જુદી પ્રવૃત્તિઓ રમત-ગમતની સાંસ્કૃતિક તેમજ ચિત્રકલાની જેવી પ્રવૃત્તિઓમાં રસ-રુચિ ધરાવતાં હોય છે ત્યારે સંઘવી પ્રાથમિક શાળા, નારણપુરા ખાતે ધોરણ ૪માં અભ્યાસ કરતો ગૌરવ મિસ્ત્રી ૨૦૦૭ માં સુંદર મૌલિક ચિત્રકૃતિની હરિફાઈમાં ભાગ લેવા બદલ અભિનંદન.

સામાન્ય બાળકોની સ્કૂલમાં અભ્યાસ કરતાં વિકલાંગ બાળકો સામાન્ય બાળકો સાથે અભ્યાસ કરતાં કરતાં શાળા કક્ષાએ યોજાતી હરિફાઈમાં પણ ભાગ લેતાં હોય છે. ત્યારે ધોરણ ૨ માં અભ્યાસ કરતી સોમપુરા જાગૃતિ પિયૂષભાઈ અલ્પદૃષ્ટિની વિદ્યાર્થીનીએ એચ. કે. પ્રાયમરી પ્રૈકટિસીંગ સ્કૂલમાં યોજાયેલ ધોરણ ૧ થી ૪ ની શાળા સ્પર્ધામાં રંગપૂરણી ચિત્ર સ્પર્ધામાં ભાગ લઈને શાળામાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

જ્યારે સાંસ્કૃતિક પ્રોગ્રામમાં પણ તેની આંતરિક શક્તિને ખિલવવા તે પ્રયત્નશીલ પ્રયાસો કરી રહી છે.

---

- **લાયન્સ મલ્ટિપલમાં વર્ક ફૉર ફિઝીકલી હેન્ડિકેપના કાર્ય માટે એવોર્ડ**



અંધજન મંડળમાં અને લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ૩૨૩-બી માં ૩૨૩-બી પાયાના કાર્યકર તરીકે ઘણા વર્ષોથી ઉત્કૃષ્ટ સેવા પ્રદાન કરતા લાયન જયંતિભાઈ ટી. પંચાલને વર્ષ ૨૦૦૭-૦૮માં ગ્રુપ કો-ઓર્ડિનેટર વર્ક ફૉર ફિઝીકલી ચેલેન્જમાં વિવિધ પ્રકારની વિકલાંગતા ધરાવતા સામાજિક અને આર્થિક પુનર્વસન ઉપરાંત જરૂરત મંદ વ્યક્તિઓને સાધન સહાય લાયન્સ ક્લબો દ્વારા ગાંધીનગર ખાતે અપાવી તેમજ ૨૬ વિકલાંગ તથા એઈડ્સ ગ્રસ્ત કપલોનો સમૂહ લગ્ન મહોત્સવ કરાવ્યો તેની કદરના ભાગરૂપે લાયન્સ મલ્ટીપલ ૩૨૩ એટલે કે ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન જેવા રાજ્યોની તમામ લાયન્સ ક્લબોમાંથી બેસ્ટ ''વર્ક ફૉર ફિઝીકલી ચેલેન્જ''માટે ઈન્ટરનેશનલ પ્રેસિડેન્ટના વરદ્ હસ્તે નવાજવામાં આવ્યા હતાં.

## બોર્ડ પરીક્ષા - ધોરણ ૧૦ અને ૧૨

રાષ્ટ્રીય પુરસ્કૃત યોજના તળે સંકલિત શિક્ષણમાં રાષ્ટ્રીય અંધજન મંડળ, ગુજરાત રાજ્ય શાખા ના અમદાવાદ બાવળા, ધોળકાની સામાન્ય શાળામાં અભ્યાસ કરતાં દૃષ્ટિક્ષતિ, અલ્પદૃષ્ટિ, શ્રવણક્ષતિવાળા વિદ્યાર્થીઓએ માર્ચ, ૨૦૦૮ ની પરીક્ષા તેમની શાળાના નજીકના પરીક્ષા કેન્દ્રો ખાતે આપી હતી.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | ધોરણ | સ્કૂલનું નામ |
|---|---|---|---|
| ૧. | કોષ્ટી સાગર દશરથભાઈ | ૧૦ | ગુરૂકુળ વિદ્યાલય, ઈસનપુર, |
| ૨. | પટેલ જીગીશા મહેશભાઈ | ૧૦ | સન ફ્લાવર સ્કુલ, વેજલપુર |
| ૩. | પિંજારા સાલેહા અય્યુબભાઈ | ૧૦ | જ્યોત કન્યા વિદ્યાલય, દિલ્હી દરવાજા |
| ૪. | ભાવસાર જિજ્ઞેશ ધીરજભાઈ | ૧૦ | જે. કે. હાઈસ્કૂલ, બાવળા |
| ૫. | વાઢેર રોશની રમેશભાઈ | ૧૦ | નવ જ્યોત વિદ્યાલય, નવા વાડજ |
| ૬. | મોચી પૂજા અશોકભાઈ | ૧૦ | અર્બુદા સંસ્કાર વિદ્યાલય, ઓઢવ |
| ૭. | બારોટ ચાંદની જીતેન્દ્રભાઈ | ૧૦ | જ્ઞાનયસ ગર્લ્સ હાઈસ્કૂલ, શાહપુર |
| ૧૦. | શાહ સલોની નિયમકુમાર | ૧૦ | વલ્લભભાઈ પટેલ વિદ્યાલય, ઈસનપુર, |
| ૧૧. | સુસાંગ અંબુજી વિહાલ | ૧૦ | ગણેશ વિદ્યાલય, રાણીપ |
| ૧૨. | જસાણી જય સુધીરભાઈ | ૧૨ | નેશનલ હાઈસ્કૂલ, સોલા રોડ |
| ૧૩. | પરમાર વિશાલ બાબુભાઈ | ૧૨ | શાંતિનિકેતન હાઈસ્કૂલ, અમરાઈવાડી |
| ૧૪. | શાહ પ્રિમા હરીશભાઈ | ૧૨ | અમરદીપ હાઈસ્કૂલ, વાસણા |

## વિકલાંગોના મસીહાને વંદન



અંધજન મંડળના પ્રણેતા જગદીશભાઈ કાશીભાઈ પટેલ નો જન્મ બોરસદમાં થયો હતો. પિતાનો વ્યવસાય - મેડીકલ પ્રેક્ટિસ હતી. પરંતે ૧૯૩૬માં ઓપ્ટીક નર્વ્સનો પેરાલિસીસ થતાં તેમની બન્ને આંખોની રોશની બુઝાઈ ગઈ હતી. મેડીકલ સારવાર, તેમજ અન્ય પ્રયાસો છતાં તેમની દૃષ્ટિમાં સુધારો આવ્યો ન હતો.

સમયના વહેણ સાથે ૧૯૩૮માં તેઓ કલકત્તાની અંધજન અંધશાળામાં જોડાયા ત્યારબાદ મુંબઈની વિક્ટોરિયા મેમોરિયલ સ્કૂલમાં તેઓએ અભ્યાસ કર્યો. અભ્યાસ દરમ્યાન નેતરકામ, દરજીકામ, વણાટકામ, ફિઝીયોથેરાપી, બ્રેઈલ લિપી શીખ્યા.

અમદાવાદમાં આવીને તેઓએ ૧૯૪૮માં ખાડિયામાં મેડીકો મસાજ ક્લિનીક સ્થાપના કરી પ્રોફેશનલ કેરીયર ચાલુ રાખી ૧૯૫૮માં તેઓ ભદ્રાબેન સતિયા સાથે લગ્નગ્રંથિથી જોડાયા.

જગદીશભાઈ એ નેત્રહીનો, વિકલાંગો માટે કરેલી સેવાઓના પ્રદાન બદલ તેઓને રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય અનેક પુરસ્કારો મળ્યાં છે.

જગદીશભાઈ એ વિકલાંગોને શિક્ષણ, પુનર્વસન, રોજગારી માટે કરેલી નાની પહેલ આજે વટ્ટવૃક્ષ બની રહી છે.

આજે અંધજન મંડળના કેમ્પસમાં ઍડલ્ટ ટ્રેનિંગ સ્કુલ ફૉર ધી બ્લાઈન્ડ, પ્રાયમરી, સેકન્ડરી, હાયર સેકન્ડરી, ટેકનિકલ સ્કુલ, ફિઝીયોથેરાપી, કોમ્પ્યુટર, આઈ.ટી.આઈ. કોર્સ, બ્રેઈલ લાયબ્રેરી, ટીચર્સ ટ્રેનીંગ કૉલેજ, હેન્ડીકા માર્કેટીંગ, લો-વિઝન સેન્ટર, સંકલિત શિક્ષણ યોજના જેવી અનેક જુદી જુદી વિકલાંગતા ધરાવતા બાળકો, વ્યક્તિઓ માટે પ્રવૃત્તિઓ ચાલી રહી છે. તેમજ અનેકો વિકલાંગજનોને માર્ગદર્શન, રોજગારી, પુનર્વસન, શિક્ષણક્ષેત્રે આગળ લાવનાર જગદીશભાઈ કે. પટેલ ને તેમની ૩૧ માર્ચે, સ્મરણાંજલિ નિમિત્તે બી.પી.એ. પરિવાર તરફથી કોટી કોટી વંદન.

# વૈવિધ્યસભર માહિતી

## વિકલાંગ વ્યાવસાયિક પુનર્વસન કેન્દ્ર

ભારત સરકાર દ્વારા શ્રમ મંત્રાલય હેઠળ વિવિધ રાજ્યોમા વિકલાંગોને જરૂરી પુનર્વસન સેવાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુસર ૧૭ જેટલા ''વોકેશનલ રીહેબિલિટેશન સેન્ટર ફૉર હેન્ડિકેપ'' ચલાવે છે. આમાનાં બે કેન્દ્રો ગુજરાતમાં ૧) અમદાવાદ અને વડોદરા ખાતે કાર્યરત છે.

આ બન્ને કેન્દ્રો અંધ, શ્રવણમંદ, અસ્થિવિષયક તેમજ મંદબુદ્ધિ ક્ષતિ ધરાવતા બાળકોને વિવિધ વ્યવસાયોમાં એક વર્ષની અવૈવિધિક તાલીમી સેવાઓ પુરી પાડે છે.

આ કેન્દ્રમાં પ્રવેશને માટે કોઈ નિર્ધારિત શાળાકીય શિક્ષણની આવશ્યકતા રહેતી નથી. તાલીમ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે. બન્ને કેન્દ્રનાં સરનામાં નીચે પ્રમાણે છે:

**૧) વિકલાંગ વ્યાવસાયિક પુનર્વસન કેન્દ્ર**
આઈ.ટી.આઈ. કેમ્પસ, કુબેરનગર, અમદાવાદ-૩૮૨૩૪૦

**૨) મહિલા વિકલાંગ પુનર્વસન કેન્દ્ર**
મહાવીર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, બહેચરજી રોડ, કારેલી બાગ, વડોદરા-૩૯૦૦૧૮

---

# જ્ઞાન કસોટી

પ્રશ્ન : ૧ ભારતમાં દષ્ટિહીનતાના નિયંત્રણ માટેનો રાષ્ટ્રીય કાર્યક્રમ ક્યારે હાથ ધરવામાં આવ્યો ?

(અ) ૧૯૬૧, (બ) ૧૯૬૫, (ક) ૧૯૬૩

પ્રશ્ન : ૨ નેત્રહીનો માટેની ભારતમાં પ્રથમ શાળા ક્યાં સ્થાપી હતી ?

(અ) કલકત્તા, (બ) મુંબઈ, (ક) અમૃતસર

પ્રશ્ન : ૩ નેત્રહીન વ્યક્તિઓની લાકડી (સ્ટીક)ની લંબાઈ કેટલા સેન્ટીમીટર હોય છે ?

(અ) ૧૨૦, (બ) ૭૫, (ક) ૯૦

પ્રશ્ન : ૪ ભારતમાં બ્રેઈલ છાપકામની શરૂઆત ક્યારે થઈ?

(અ) ૧૯૫૧, (બ) ૧૯૫૬, (ક) ૧૯૫૪

પ્રશ્ન : ૫ રિહેબિલિટેશન કાઉન્સીલ ઑફ ઈન્ડિયા(આર.સી.આઈ.)નું અમલીકરણ ક્યા વર્ષમાં થયું ?

(અ) જુલાઈ, ૧૯૯૩, (બ) મે, ૧૯૯૨, (ક) જૂન ૧૯૯૫

પ્રશ્ન : ૬ વિકલાંગ વ્યક્તિઓનો ધારો ક્યારથી અમલમાં આવ્યો ?

(અ) ૭ ફેબ્રુઆરી, ૧૯૯૬, (બ) ૪ મે, ૧૯૯૫, (ક) ૧૦ જાન્યુઆરી, ૧૯૯૫

પ્રશ્ન : ૭ અંધજન મંડળ, વસ્ત્રાપુરની સ્થાપના કયા વર્ષમાં થઈ ?

(અ) ૧૯૪૮, (બ) ૧૯૫૦, (ક) ૧૯૬૦

પ્રશ્ન : ૮ ભારતમાં ભારતીય બ્રેઈલની માન્યતા કયા વર્ષમાં મળી ?

(અ) ૧૯૫૧, (બ) ૧૯૫૩, (ક) ૧૯૫૨

પ્રશ્ન : ૯ વિશ્વ માનસિક દિન ક્યારે ઉજવાય છે ?

(અ) ૪ જાન્યુઆરી, (બ) ૩ ડિસેમ્બર, (ક) ૮ ડિસેમ્બર

પ્રશ્ન : ૧૦ વિશ્વ બધિર દિન ક્યારે ઉજવાય છે ?

(અ) ૨૮ સપ્ટેમ્બર, (બ) ૧૪ સપ્ટેમ્બર, (ક) ઓક્ટોબર

જવાબો : ૧) ૧૯૬૩, ૨) અમૃતસર, ૩) ૯૦, ૪) ૧૯૫૧, ૫) જુલાઈ-૯૩, ૬) ૭ ફેબ્રુઆરી-૯૬, ૭) ૧૯૫૦, ૮) ૧૯૫૨, ૯) ૮ ડિસેમ્બર, ૧૦) ૨૮ સપ્ટેમ્બર.

# દ્દષ્ટિહીન બાળકના વાલી તરીકે શું ધ્યાન રાખશો ?

દ્દષ્ટિહીન બાળકોનો સ્વીકાર કરીને હતાશામાંથી બહાર આવી તેમના વિકાસ માટે આપણે જરૂર વિચારીએ......

બાળકના જન્મથી ૧૫ વર્ષ સુધી બાળકના વિકાસ માટે નીચેની બાબતોનો ખ્યાલ રાખવો....

- બાળકને દ્દષ્ટિ નથી પરંતુ તેની અન્ય ઇન્દ્રિયો એટલે કે, શ્રવણ, સ્પર્શ, ગંધ, સ્વાદ દ્વારા શીખવવા પ્રયત્ન કરવો.
- બાળક ૧ થી ૨ વર્ષનું હોય તો તેને ચાલતાં શીખવવા માટે આપતી તરફ બાળકનું શરીર રાખી તેના પગ આપણા પગ ઉપર મૂકીને પાછા પગલે આપ ચાલશો તેથી તે આગળ ડગલાં ભરતાં શીખશે. (ધીમે ધીમે બાળક ચાલતું થઈ જશે.)
- બાળકને ઘરમાં થતા જુદા જુદા અવાજોનો ખ્યાલ મૌખિક આપો. દા.ત. થાળી પડવાનો, ગ્લાસનો, કપ-રકાબીનો અવાજ.
- બાળકને ખોરાક, ફળ-ફળાદી, મીઠાઈ વિશે સ્પર્શ, સુગંધથી ખ્યાલ આપો.
- બાળકને કેવી રીતે સવારે બ્રશ કરવું, મોં ધોઈ સાફ કરવું તે જાતે હાથથી પકડી તેના હાથના સ્પર્શથી સમજાવો. (મૌખિક વર્ણનની સાથે સાથે જ્યાં જરૂર હોય ત્યાં સ્પર્શ, ગંધ, સ્વાદથી ખ્યાલ આપો.)
- બાળકને ઘરની આજુબાજુના પડોશી તેમજ ઘરની તમામ ચીજવસ્તુઓનું સ્પર્શથી અવલોકન કરાવો.
- આપ જ્યારે વસ્તુ મૂકવાનું સ્થાન બદલો, ત્યારે બાળકને અચૂક પણે જણાવો. દા.ત. એક તરફ મૂકેલી ખુરશી ઘરના ઓરડામાં ઉત્તર દિશામાં હોય ત્યારે તમે પૂર્વ દિશામાં મૂકો ત્યારે તેને ચોક્કસ માહિતગાર કરો.
- બાળકને સ્પર્શથી કોઈપણ વસ્તુ માહિતગાર કરવાથી તેને લંબાઈ, જાડાઈ, પહોળાઈ વગેરેનો ખ્યાલ આવે તે માટે મૌખિક વર્ણન પણ કરો.
- બાળકને જુદા જુદા આવતા તહેવારો, ઉત્સવો મેળાથી મૌખિક વર્ણન કરી જે-તે પર્વનું મહત્ત્વ તેમજ પ્રણાલી સમજાવો.
- બાળકને જુદા સ્થળે લઈ જાઓ ત્યારે તેના વાતાવરણ વિશે સૌ પ્રથમ માહિતગાર કરો તેમજ તેના વિશેની જાણકારી આપો.
- બાળકને ચલણી નાણું ઓળખાવો. દા.ત. ૨૫ પૈસાનો સિક્કો ૧ રૂપિયાનો સિક્કો (વિવિધ નોટો સમજ આપવી) આમ જુદા જુદા સિક્કાની સાઈઝ, વજન તેમજ તેના આકાર અને અવાજ વિશે ઓળખાવો.
- જુદા જુદા અનાજ, કાપડ, શાકભાજી, રમત-ગમતના સાધનો. જુદા જુદા ફળ, ફૂલ સ્પર્શ દ્વારા બતાવી તેના રંગરૂપ આકારની સમજ આપો.
- દૂધ, દહીં, ખાંડ, ચ્હા, મસાલા, અનાજ, મરચું-હળદર દળેલા, અગરબત્તીની સુગંધ, તેવી જ રીતે રેતી, સિમેન્ટ સ્પર્શથી ખ્યાલ આપો.
- બાળકને ઘરથી સ્કૂલ સુધીના રસ્તાની આજુ-બાજુના અવાજનો ખ્યાલ આપો. દા.ત. દળવાની ઘંટી, પાનનો ગલ્લો, મંદિર, ઢાળ, ચઢાણ, રોડ વગેરે.

## મહેંદી હરિફાઈ




અંધજન મંડળ, વસ્ત્રાપુરમાં હોપ કમિટી દ્વારા વિકલાંગ બહેનોની મહેંદી હરિફાઈ યોજાઈ હતી. જેમાં એક સમયે તો પોતાની વિકલાંગતા ભૂલીને ખુશ ખુશાલ થઈને એક એકથી ચડિયાતી ડિઝાઈનો બનાવી. જાણે કહી રહ્યાં હોય કે ''હમ ભી કીસી સે કમ નહીં.''

## અંધજન મંડળની મુલાકાતે....

- ૧૦ જાન્યુઆરી, ૨૦૦૮ ના રોજ પ્રોગ્રામ ઓફિસર સેન્ટ ઈન્ટરનેશનલ, યુ.કે. થી જીન્નત ગ્લોવર આવ્યા હતા.
- તારીખ ૧૫ થી ૧૮ જાન્યુઆરી દરમ્યાન નેશનલ પ્રોગ્રામ ફૉર પ્રિવેન્શન ઍન્ડ કન્ટ્રોલ ઑફ ડેફનેસ પ્રોજેક્ટ નિરીક્ષણ માટે આર.સી.આઈ.ના પ્રતિનિધિ તરીકે શ્રીમતી મીરા શ્રીવાસ્તવ આવ્યા હતાં.
- રિટાયર્ડ ચીફ જસ્ટીસ આંધ્રપ્રદેશ હાઈકોર્ટ શ્રી દેવેન્દ્ર ગુપ્તા, ચેરમેન લૉજ ફેલોશીપ એકોમન્ટેડ દ્વારા રાજીવ રેડી એ ઈન્ડિયા વિઝીટ ૨૪ જાન્યુઆરી, ૨૦૦૮ ના રોજ કરી હતી.
- ૨૫ જાન્યુઆરી એ પી.એન.આર. સોસાયટી, ભાવનગરથી શૈક્ષણિક પ્રવાસ ટીમ ૧૭ ડિપ્લોમાં સ્પેશ્યલ એજ્યુકેશન (સેરેબ્રલ પાલ્સી) વિદ્યાર્થીઓ આવ્યા હતાં.
- ૨૮ જાન્યુઆરી ગ્રાન્ડ લૉજ ઑફ ઈન્ડિયા, રાજીવ રોડી દ્વારા ફ્રી મેસન ફોર્મ કેનેડા એકડોમેનટ શ્રી ડેવીડ કેમરોન આવ્યા હતાં.

# RCI-CRE પ્રોગ્રામ

વિકલાંગજનોના શિક્ષણ, તાલીમ, પુનર્વસન ક્ષેત્રે કાર્ય કરતી વ્યક્તિઓએ રિહેબિલિટેશન કાઉન્સીલ ઑફ ઈન્ડિયાનું રજીસ્ટ્રેશન કરાવવું એ કાયદાકીય જોગવાઈ છે. આ રજીસ્ટ્રેશનને રિન્યુ કરાવવા માટે સાત વર્ષમાં - પાંચ દિવસીય ઓછામાં ઓછા બે RCI-CRE પ્રોગ્રામ કરવા અતિ આવશ્યક છે. જો બે પ્રોગ્રામ કરવામાં ન આવે તો જે તે વ્યક્તિનું RCI રજીસ્ટ્રેશન રિન્યુ કર શકાતું નથી.

આથી આપ સહુને જણાવતા સહર્ષ આનંદ થાય છે કે, ''વેસ્ટ ઝોન ચેરપર્સન''ની ભલામણથી આપણાં રાજ્યમાં જુદા જુદા પંદર સ્થળોએ RCI કાર્યક્રમ યોજાનાર છે. તો જેઓને CRE (સી.આર.ઈ.) પ્રોગ્રામ અટેન્ડ કરવાની જરૂરિયાત જણાતી હોય તેઓએ નીચેની સંસ્થાઓનો સંપર્ક કરી પોતાનું રજીસ્ટ્રેશન કરાવશો જેની સંભવિત તારીખો આ મુજબ છે.

## CRE PROGRAMME IN THE FIELD OF HEARING IMPAIRMENT / MENTALRETARDATION / VISUAL IMPAIRMENT

| S.N. | Date | TITLE OF THE COURSE | NAME OF THE ORGANIZATION | FIELD |
|---|---|---|---|---|
| 1 | 17 to 21June, 2008 | Hearing Impairment with Additional disabilities | Kutch Comprehensive Rehabilitation Center,Bhuj,Kuttch | HI |
| 2 | 17 to 21June, 2008 | Integrated Education of Children of Hearing Impairment | NAB JunagadhJunagadh Vanthali RoadJunagadh | HI |
| 3 | 17 to 21June, 2008 | Integrated Education Programme for children with HI | NAB - Panchmahal District Branch Nr. Railway Over Bridge, Dahod | HI |
| 4 | 5 to 9August, 2008 | Parent - Infant - Programme and Mother's Training | NAB (GSB)IIM Cross Road,Vastrapur, Ahmedabad | HI |
| 5 | 17 to 21June, 2008 | Parent - Infant - Programme and Mother's Training | S.G. Bharambhatt badhir vidhyavihar run by Rotary Club Nadiad, Nr.Railway Crossing,Dabhan Road, Nadiad-387 002 | HI |
| 6 | 17 to 21June, 2008 | Parevention Early Identification and early Intervention | Vadilal Shamaldas Gandhi Chedritable Trust,Neminath bhagvan's Vadi, Nr.Antiasar darvaja,Kapadvanj, Dist: Kheda | MR |
| 7 | 17 to 21June, 2008 | Early Childhood Special Education | NAB JAMNAGAR,Aerodram Road, Jamnagar | MR |
| 8 | 24 to 28June, 2008 | Assistive Devices for Person with Mental Retardation | Kutch Comprehensive Rehabilitation Center,Bhuj,Kuttch | MR |
| 9 | 24 to 28June, 2008 | Social Security and Legal Aspect in MR | NAB (GSB) IIM Cross Road,Vastrapur, Ahmedabad | MR |
| 10 | 17 to 21June, 2008 | Teaching of Science to VI | Andh Kanya Prakash Gruh,Memnagar, Ahmedabad | VI |
| 11 | 1 to 5 July, 2008 | Teaching of Mathematic to VI | NAB Sabarkantha District branch, B\H Satyam Auto Garage, Shreenagar Road No.10, Idar | VI |
| 12 | 24 to 28June, 2008 | Rehabilitation of people's with Low Vision | Vadilal Shamaldas Gandhi Chedritable Trust,Neminath bhagvan's Vadi, Nr. Antiasar darvaja,Kapadvanj, Dist: Kheda | VI |
| 13 | 8 to 12July, 2008 | Emerging Technologies and computer aided software for screen reading like JAWS...etc. | NAB (GSB) IIM Cross Road, Vastrapur, Ahmedabad. | VI |
| 14 | 24 to 28July, 2008 | Emerging Technologies and computer aided software for screen reading like JAWS...etc. | NAB JunagadhJunagadh Vanthali Road, junagadh | VI |
| 15 | 15 to 19July, 2008 | Policies programmes, legislation and disability certification for M I | NAB (GSB) IIM Cross Road, Vastrapur, Ahmedabad | MI |

# રાઉન્ડ ટેબલ અંધજન કાર રેલી

અનોખી કાર રેલી ૨૦૦૮માં રાઉન્ડ ટેબલ-૪૦ અમદાવાદનાં નેજા તળે અંધજન મંડળ, વસ્ત્રાપુરના પ્રાંગણમાં યોજાઈ ગઈ.

આ રેલીમાં નેત્રહીન વ્યક્તિઓ પોતાના એસ્કોર્ટ દ્વારા બ્રેઈલલિપીમાં આપેલ વિસ્તાર, નકશાની લેખિત નોંધને આધારે એસ્કોર્ટને માર્ગદર્શન આપે છે અને એસ્કોર્ટ તે વિવરણને આધારે કાર રસ્તા ઉપર સડસડાટ દોડાવે છે.




## સંદેશ

નેશનલ એસોસિએશન ફૉર ધી બ્લાઈન્ડ (ઈન્ડિયા)ની સ્ટેટ બ્રાન્ચ દ્વારા આપ સૌને અમારી હાર્દિક અપીલ છે કે તમામ જિલ્લામાં આપની સંસ્થા દ્વારા સંકલિત શિક્ષણ યોજના હેઠળ થતા અનેકવિધ વિશિષ્ટ શૈક્ષણિક ક્ષેત્રે, રમત-ગમત ક્ષેત્રે, સાંસ્કૃતિક કાર્યક્રમો, વ્યાખ્યાન માળાઓ, સેમિનાર ઈત્યાદિની માહિતી સચિત્ર રાજ્ય શાખાને મોકલી આપશો તો ન્યૂઝ લેટરમાં યોગ્ય સ્થાન આપી પ્રસ્તુત કરીશું.

## જાણકારી

સંકલિત શિક્ષણમાં કાર્યરત વિશિષ્ટ પ્રવાસી શિક્ષકો(સ્પે. ટીચર)એ વિકલાંગતા ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓ, કર્મચારી મિત્રોએ ‘‘બી.પી.એ. ન્યૂઝ લેટર’’ મેળવવા માટે આપના સરનામાની નોંધણી બાકી હોય તો અચૂક નીચેના સરનામે પત્ર દ્વારા કરાવશો.

સંપાદકશ્રી, બી.પી.એ. ન્યૂઝ લેટર (ગુજરાતી અથવા અંગ્રેજી) વિભાગ અંધજન મંડળ, જગદીશ પટેલ ચોક, સુરદાસ માર્ગ, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫.

મુદ્રક અને પ્રકાશક : શ્રીમતિ નંદિનીબેન મુન્શા, સામાન્ય મંત્રી, અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫ દ્વારા પ્રકાશિત અને વિવિધ અંધજન તાલીમ કેન્દ્ર, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫ દ્વારા મુદ્રિત
મુખ્ય સંપાદક : શ્રી બીપીન મહેતા, સહ સંપાદક : હસમુખ શ્રીમાળી મુદ્રક : સિપાઈ ઝાકીર, કામા કોમ્પ્યુટર સેન્ટર
છાપકામ : નારણભાઈ પ્રજાપતિ
પ્રકાશન સહાયક : હરિશભાઈ એમ. પંચાલ

If not delivered please return to:
BPA Research and News Letter
**Blind People's Association**
**(Formerly Blind Men's Association)**
Vastrapur, Ahmedabad - 380 015
Gujarat, INDIA.

BOOK POST

To,